# આજે રાજ્યભરમાં ૭.૫ કિમીની સાયકલ રેલી યોજાશે

**"વિશ્વ સાયકલ દિવસ" સાથે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત રાજ્યના ૬ આઇકોનિક સ્થળો સહિત કુલ ૭ સ્થળોએ ૭.૫ કિમીની સાયકલ રેલીનું આયોજન : દરેક રેલીમાં ૭૫ સાયકલિસ્ટો જોડાશે**

ગાંધીનગર, તા.૦૨

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા આવતીકાલે તા.૩જી જૂને "વિશ્વ સાયકલ દિવસ"ની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણી અંતર્ગત દેશભરમાં કુલ ૭૫ સ્થળોએ ૭.૫ કિમીની સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. નહેરુ યુવા કેન્દ્રના સ્ટેટ ડાયરેક્ટર મનિષાબેન શાહે આજે જણાવ્યું હતું કે ગુજરાતમાં પણ વિશ્વ સાયકલ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે જે અંતર્ગત રાજ્યના ૬ આઈકોનિક સ્થળોએ અને તે સાથે ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાની ઉજવણીના ભાગરૂપે મળીને કુલ સાત સ્થળોએ સાયકલ રેલી યોજાશે. તમામ સ્થળોએ આ સાયકલ રેલી તા.૩ જુન, શુક્રવારે સવારે ૭.૪૫ કલાકે યોજાશે.

એક સમયે સાયકલ યાત્રા એ ભારતની સૌથી લોકપ્રિય સવારી થઈ ચુકી છે અને ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં સાઈકલ ક્રાંતિકારીઓએ પણ તેનો ભરપૂર ઉપયોગ કર્યો છે. આજના યુગમાં સાઈકલ ચલાવવી એ સ્ટેટસ સિમ્બોલ ગણાય છે. આમ પણ વોટર વાહનોથી થઈ રહેલા પ્રદુષણથી બચવા માટે સાઈકલ એક સરળ અને ઉત્તમ ઉપાય છે તે સાથે સાથે તેને ચલાવનાર વ્યક્તિના સ્વાસ્થ્ય માટે પણ ખૂબ લાભદાયી સાબિત થાય છે. વળી, મોંઘવારીમાં સતત વધતા પેટ્રોલના ભાવો સામે સાઈકલ ખૂબ કિફાયતી સાધન છે. દર વર્ષે સમગ્ર વિશ્વમાં તા.૩ જુને વિશ્વ સાયકલ દિવસ ઉજવવામાં આવે છે. આ વર્ષે તેની ઉજવણીના ભાગરૂપે ભારત સરકાર દ્વારા ૭૫ સ્થળોએ સાઈકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે જેનો મુખ્ય કાર્યક્રમ નવી દિલ્હીના મેજર ધ્યાનચંદ સ્ટેડિયમ ખાતે યોજાશે જેમાં કુલ ૭૫૦ સાયકલિસ્ટો ભાગ લેશે. ગુજરાતમાં પણ ગાંધીનગર ઉપરાંત ૬ આઈકોનિક સ્થળોએ સાયકલ રેલી યોજાશે જેમાં સરદાર વલ્લભભાઈ પટેલના જન્મસ્થળ કરમસદ, અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ, બારડોલીના સ્વરાજ આશ્રમ, ભરૂચના ગોલ્ડન બ્રિજ, પોરબંદરના કીર્તિ મંદિર અને જૂનાગઢના ગીરનાર ખાતેના ભવનાથ મંદિરનો સમાવેશ થાય છે. દરેક રેલીમાં ૭૫ સાયકલિસ્ટો જોડાશે. આ ઉપરાંત રાજ્યના વિવિધ તાલુકા સ્તરે પણ સ્વયંસેવકો દ્વારા સાયકલ રેલી યોજવામાં આવશે.



### ગાંધીનગરમાં ૧૫૦ સાયક્લિસ્ટો જોડાશે

વિશ્વ સાયકલ દિવસને અનુલક્ષીને આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત નહેરુ યુવા કેન્દ્ર દ્વારા ગાંધીનગરમાં તારીખ ૩ જૂન શુક્રવારના રોજ સવારે ૭.૪૫ કલાકે દાંડીકુટિરથી પથિકાશ્રમ સર્કલ થઈને મહાત્મા મંદિર પરત સુધીની સાઈકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાયકલ રેલીમાં નહેરુ યુવા કેન્દ્રના સ્વયંસેવકો ઉપરાંત એનએસએસ, એનસીસી, હોમગાર્ડ, સિવિલ ડિફેન્સ સહિત અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓના સ્વયંસેવકો મળીને કુલ ૧૫૦ સાઈકલિસ્ટો આ સાયકલ રેલીમાં જોડાશે. તમામ સાઈક્લિસ્ટોને નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા ટીશર્ટ કેપ તેમ જ સર્ટિફિકેટ આપવામાં આવશે તેમજ તેમના માટે એનર્જી ડ્રીંક અને રિફ્રેશમેન્ટની વ્યવસ્થા પણ કરવામાં આવી છે તેઓ ગાંધીનગર જિલ્લા યુથ કોર્ડીનેટર પંકજ મારેચાએ જણાવ્યું હતું.

# રાયસણ ખાતે ગાંધીનગર જિલ્લા અને મહાનગર ભાજપાના સંયુક્ત ઉપક્રમે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ

**કેન્દ્રની ભાજપા સરકારના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૮ વર્ષ પૂર્ણ થયાના ઉપલક્ષ્યમાં ગાંધીનગર જિલ્લા અને મહાનગર ભાજપાના સંયુક્ત ઉપક્રમે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી**

ગાંધીનગર, તા.૦૨

ગાંધીનગર જિલ્લા અને મહાનગર ભાજપાની ગાંધીનગર મહાનગરના કાર્યાલય ભૈરવનાથ પાર્ટી પ્લોટ, રાયસણ ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્રની ભાજપા સરકારના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૮ વર્ષ પૂર્ણ થયાના ઉપલક્ષ્યમાં ગાંધીનગર જિલ્લા અને મહાનગર ભાજપાના સંયુક્ત ઉપક્રમે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી.

આ પ્રેસ કોન્ફરન્સને સંબોધતા ગાંધીનગર જિલ્લા ભાજપા અધ્યક્ષ અનિલભાઈ પટેલ અને મહાનગર ભાજપ અધ્યક્ષ રુચિરભાઈ ભટ્ટે સંયુક્ત રીતે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૪માં દેશના પ્રધાનસેવક તરીકેનું દાયિત્વ સંભાળ્યા બાદ સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણને ધ્યેયમંત્ર બનાવ્યો છે. કોઈપણ યોજના બને અને તેનો શત પ્રતિશત અમલ થઈ છેવાડાના માનવી સુધી પહોંચે તેની સીધી દેખરેખ અને કાળજી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સ્વયં લઈ રહ્યા છે.


અનિલભાઈ પટેલે જણાવ્યું હતું કે ગુજરાતના બન્ને પનોતા પુત્રો પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રિય ગૃહ તેમજ સહકાર મંત્રી અમિતભાઈ શાહના દ્રઢ નિર્ધાર અને પ્રમાણિક પ્રયાસોના પરિણામે આજે ગ્રામીણ, શહેરી, મહિલાઓ, વંચિતો, ખેડૂતો, યુવાનો અને સમાજના દરેક વર્ગના જીવન ધોરણમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. રુચિરભાઈ ભટ્ટે પ્રેસ કોન્ફરન્સને સંબોધતા જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ નીતિના કારણે ૨૦૧૪ પહેલા કોઈપણ બિઝનેસ શરૂ કરવા ૩૫ દિવસ લાગતા હતા પરંતુ આજે માત્ર ૧૮ દિવસોમાં બિઝનેસ શરૂ કરી શકાય છે. છેલ્લા ૮ વર્ષમાં જનધન યોજના અન્વયે ખોલી આપેલા ખાતાઓના કારણે લાભાર્થીઓને તેમની સહાય કોઈપણ વચેટિયા વિના સીધે સીધી મળી રહી છે. આ આઠ વર્ષમાં ૯ કરોડ ગેસ કનેક્શન, ૨૫ કરોડ જનધન ખાતા, સ્ટેન્ડ અપ ઈન્ડિયા માં ૮૦ ટકા સહાય મહિલાઓને, મુદ્રા યોજનામાં ૬૮ ટકા લોન મહિલાઓને આપીને મહિલાઓના સશકિતકરણની દિશામાં અભૂતપૂર્વ કાર્ય કરવામાં આવ્યું છે.

આગામી કાર્યક્રમો અંગે છણાવટ કરતા કહ્યું કે પ્રદેશ ભાજપાની યોજના મુજબ ૭૫ કલાક દરેક કાર્યકર્તા સંપર્ક, તા. ૧ થી ૧૫ જૂન દરમ્યાન કેન્દ્ર અને રાજ્ય સરકારના મંત્રી શ્રી ઓ દ્વારા દરેક જિલ્લામાં જાહેર સભા સંબોધન, ૫ જૂનના રોજ પર્યાવરણ દિનની ઉજવણી, ૬ જૂનના રોજ મહિલા મોરચા દ્વારા પ્રત્યેક સ્વ સહાય જૂથ અને મહિલાઓનો સંપર્ક, ૭ જૂનના રોજ અનું. જાતિ મોરચા દ્વારા યુવાઓની મીટીંગ, ૮ જૂનના રોજ અનુ. જન જાતિ મોરચા દ્વારા લાભાર્થી સંપર્ક ખાટલા બેઠકો, ૯ જૂનના રોજ ઓબીસી મોરચા દ્વારા લાભાર્થી સંપર્ક - ખાટલા બેઠક, ૧૦ જૂનના રોજ ભાજપાના વિવિધ સેલ દ્વારા પ્રબુદ્ધ નાગરિક સંમેલન, કટાર લેખકો, પત્રકારો, શિક્ષકો અને ઉદ્યોગકારો સાથે બેઠકો, ૧૧ જૂનના રોજ ગરીબોનો સંપર્ક, ૧૨ જૂનના રોજ લાભાર્થી અને નવા મતદારોનો સંપર્ક, ૧૩ જૂનના રોજ ભાજપા ડોકટર સેલ દ્વારા કુપોષિત બાળકોનું હેલ્થ ચેકઅપ, ૧૪ જૂનના રોજ યુવા મોરચા દ્વારા દરેક જિલ્લામાં રેલી અને ૧૫ જૂનના રોજ બાકી રહેતા જિલ્લાઓમાં સભાઓનું આયોજન કરવામાં આવશે.

# વાવોલમાં હરીનગર સોસાયટી પાણી દૂષિત આવવાની સમસ્યા

ગાંધીનગર તા.૦૨

ગાંધીનગર વાવોલની હરીનગર સોસાયટીમાં પીવાનું પાણી ડહોળું અને દુષિત લાંબા સમયથી આવી રહ્યું હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. આ બાબતે સોસાયટીના રહીશો દ્વારા વારંવાર સોસાયટીના વહીવટી સત્તાધીશો સમક્ષ રજુઆત પણ કરીહોવા છતાં તેનો ઉકેલ લાવવા બાબતે કોઈ પગલાં ભરાતાં નથી તેવો રહીશોનો દાવો છે. પાણી દુષિત આવતું હોવાથી આ સોસાયટીમાં રોગચાળો ફેલાવાની શક્યતા સર્જાવા પામી છે જેને અનુલક્ષીને મહાનગરપાલિકાના આરોગ્ય તંત્રએ સત્વરે સોસાયટીમાં તપાસ કરીને તેના નિરાકરણ માટે પગલાં ભરાય તે અંગે કાર્યવાહી કરવાની જરૂર છે. વાવોલની હરીનગર સોસાયટીના નળમાં આવતું પાણી એટલું દૂષિત આવે છે કે રહીશો દ્વારા નળ પર પાણી ગાળવાની કાપડની કોથળી જેવું ગળણું બનાવીને લગાડવામાં આવે છે તે કોથળી



ભરાઈ જાય છે. આ કોથળીમાં કેટલાક હાલતાં ચાલતાં જીવજંતુઓ પણ જોવા મળે છે. આ સમસ્યા સર્જાવા પાછળ સોસાયટીની પાણીની પાઈપ લાઈન અને ગટરની પાઈપલાઈન જૂની પુરાણી થઈ ગઈ હોવાને કારણે ગટરનું દૂષિત પાણી પીવાના કે વાપરવાના પાણીની લાઈનમાં ભળી જતું હોવાની શક્યતા છે. આ સમસ્યાને કારણે સોસાયટીમાં રોગચાળો ફેલાવાની દહેશત સતાવી રહી છે. સોસાયટીના રહીશોના જણાવ્યાં મુજબ હરીનગરમાં લાંબા સમયથી આ રીતે પાણી આવી રહયું છે જે અંગે વારંવાર રજુઆત કરી પરંતુ તે રજુઆતને સોસાયટીના વહીવટકર્તાઓ દ્વારા ગલ્લાં-તલ્લાં કરી અને બીજાં કારણો બતાવીને અથવા રહીશોને ઉચ્ચ સ્વરે બોલીને ઝઘડીને રજુઆતને એક બાજુ મુકી દેવાય છે. હરીનગરમાં સત્વરે આ સમસ્યાઓનો ઉકેલ આવે તે તંત્રએ ઝડપથી પગલાં ભરવા જોઈએ તેવી રહીશોએ અપીલ કરી છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
75 આઝાદી નો અમૃત મહોત્સવ

દેશનો છે નિર્ધાર
દરેક યોજનાઓનો લાભ
૧૦૦% પહોંચાડવો છે ખેડૂતોને દ્વાર




- પ્રધાનમંત્રી કિસાન યોજના હેઠળ ૧૧ કરોડથી વધુ ખેડૂતોને દર વર્ષે ૬ હજાર રૂપિયા
- ૨૨.૯ કરોડ સોઈલ હેલ્થકાર્ડનું વિતરણ
- કિસાન ક્રેડિટકાર્ડના ખાસ અભિયાન હેઠળ ૩.૧૩ કરોડથી વધુ ખેડૂતોનો થયો ઉમેરો
- ૧ હજાર મંડીઓ અને ૧.૭૩ કરોડ ખેડૂતો e-NAM સાથે જોડાયાઃ વાજબી ભાવે કૃષિ પેદાશોનું વેચાણ બન્યું વધુ સરળ
- પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના હેઠળ ૧.૧૫ લાખ કરોડથી વધુ દાવાનો નિકાલ
- કૃષિ સંબંધિત માળખાકીય વિકાસ માટે રૂ.૧ લાખ કરોડનું કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ
- દૂધ ઉત્પાદનમાં ૪૪% થયો વધારોઃ વાર્ષિક રૂ.૮.૪ કરોડનું દૂધ ઉત્પાદન થકી ૮ કરોડ પશુપાલક પરિવારોને મળી આજીવિકા
- ૨.૫ કરોડ માછીમારો અને મત્સ્ય પાલક ખેડૂતોના આર્થિક હિત માટે સમર્પિત પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના
- પ્રધાનમંત્રી કિસાન માનધન યોજનામાં નોંધાયેલા નાના અને સીમાંત ખેડૂતોને ૬૦ વર્ષની ઉંમર પછી દર મહિને લઘુત્તમ રૂ. ૩૦૦૦ હજારનું પેન્શન




૮ વર્ષ સેવા, સુશાસન, ગરીબ કલ્યાણના

" ખેડૂતોની આવક વધારવા, ખેતીનો ખર્ચ ઓછો કરવા, બીયારણથી લઈને બજાર સુધી ખેડૂતોને આધુનિક સેવાઓ આપવી, એ અમારી સરકારની પ્રાથમિક્તા છે "

-નરેન્દ્ર મોદી-